# ઝરિ લાગૈ મહલિયા ગગન ઘહરાય

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદે, સંતકવિ ધર્મદાસજી દ્વારા લિખિત આ ભજનની સંગીત રચના રાગ 'મેઘ મલ્હાર'માં કરી છે. આ રાગ વર્ષાનું આવાહન કરે છે. શ્રીગુરુમાઈને ગાતાં સાંભળો અને એ કલ્પના કરો કે ઑસ્ટ્રેલિયા પર વર્ષારૂપે આશીર્વાદ વરસી રહ્યા છે.

ધ્રુવપદ

મારો હૃદયરૂપી મહેલ એક વિસ્તૃત અંતર આકાશની વચ્ચે સ્થિત છે,

જ્યાં વર્ષાથી ભરાયેલાં ઘનઘોર વાદળો ઘેરાઈ ગયાં છે.

પદ ૧

મેઘગર્જના અને વીજળીના ચમકારાથી અંતર આકાશ દરેક ક્ષણે ભરાઈ રહ્યું છે.

આનંદની લહેરો, એક પછી એક ઊઠી રહી છે : તેની શોભા અવર્ણનીય છે!

પદ ૨

અંતર આકાશના પરમ મૌનમાંથી અમૃતની વર્ષા થઈ રહી છે,

અને સાધક પ્રેમાનંદમાં સ્નાન કરી રહ્યો છે.

પદ ૩

દ્વાર પૂરેપૂરા ખુલી ગયા છે. અંધકાર દૂર થઈ ગયો છે.

ધન્ય છે મારા સદ્‌ગુરુ જેમણે આ અદ્‌ભુત દશ્યને મારી સમક્ષ પ્રગટ કર્યું છે.

## પદ ૪

ધર્મદાસ હાથ જોડીને વિનંતી કરે છે :

હું સદા મારા સદ્‌ગુરુનાં ચરણકમળોમાં લીન રહું.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.